યુવાનો દ્વારા ચાલતી સ્વૈચ્છિક સંસ્થા 'આપણું ફાઉન્ડેશન'ના ઉપક્રમે

# સરકારી શાળાનાં બાળકો મોજથી ગરબે ઘૂમ્યા






ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં સૌપ્રથમ વાર સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે 'સમી સાંજ' ગરબાના કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના યુવાનો દ્વારા ચાલતી સ્વૈચ્છિક સંસ્થા 'આપણું ફાઉન્ડેશન' દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અને પ્રવર્તમાન જીવનશૈલીથી વંચિત શ્રમજીવી બાળકોને પ્રેરણા, પ્રોત્સાહન અને હૂંફ આપવા તેમજ સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ નિયમિત થાય, બાળમજૂરી બંધ થાય તે અંગેનો હતો.

રવિવારે ઓપન ઍર થિયેટર, ઘ-૫ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ખ્યાત કલાકાર જિજ્ઞેશ કવિરાજ અને અભિતા પટેલ દ્વારા પ્રાચીન-અર્વાચિન ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. ૩૨ સરકારી શાળાઓનાં બાળકો, તેમના વાલીઓ ઉપરાંત નગરવાસીઓ મળી કુલ ૬ હજારથી વધુ નાગરિકોએ આ કાર્યક્રમને માણ્યો હતો. કાર્યક્રમની શરૂઆત બાળકોના ટેલેન્ટ શોથી કરવામાં આવી હતી. ત્યારબાદ શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવા માટે અભિતા પટેલે 'મેરે વતન કે લોગોં' અને રાષ્ટ્રગીત રજૂ કર્યું હતું. એ પછી ગરબાની શરૂઆત કરવામાં આવી હતી.

સરકારી શાળાનાં બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા અક્ષર કેટરર્સ તથા ટ્રાન્સપોર્ટેશનની સુવિધા યોગી ઍજ્યુટ્રાન્ઝીટ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે અને ધવલ દવે ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



ભાઈલાલભાઈ મનસુખરામ સોની
ફોન : ૨૩૨૪૩૦૪૮

## આરજી-એસબી સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, સેક્ટર-૨૩નો વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ સમારોહ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેડિકલ કૉલેજ, ગાંધીનગરના પૂર્વ ડીન વાસુદેવભાઈ રાવલ, પૂર્વ વિદ્યાર્થિની ડૉ. પૂજાબેન વિહારીયા, કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, ઍજ્યુકેશન વિભાગનાં ડીન ડૉ. વીણાબેન પટેલ તથા ભગિની સંસ્થાઓના આચાર્યો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાની તેજસ્વી વિદ્યાર્થિનીઓને સન્માનવામાં આવી અને વિદ્યાર્થિનીઓ દ્વારા રંગારંગ કાર્યક્રમ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય ગિતેષભાઈ પટેલ તથા સુપરવાઈઝર્સે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન વિશ્વાસભાઈ શાહે કર્યું હતું.

# ગાંધીનગરમાં સંગીત ક્ષેત્રે વર્લ્ડ રેકોર્ડ માટેનો કાર્યક્રમ



હેત ફાઉન્ડેશન દ્વારા તારીખ ૨૩મી ફેબ્રુઆરી ને શનિવારના રોજ આંબેડકર હોલ, સેક્ટર ૧૨, ગાંધીનગર ખાતે રાત્રે ૮ કલાકે એક અલગ કોન્સેપ્ટ પર વર્લ્ડ રેકોર્ડ માટેનો શો કરવામાં આવ્યો હતો, જેને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા દ્વારા મંજુરી આપવામાં આવી હતી, જેમાં ૩ ગાયકોનાં બોલીવુડ ગીતો પર ગાંધીનગરના ૪૦ વરસ થી ૬૮ વરસ સુધીની ઉંમરના ગાયક રસીકોએ કારાઓકે સીસ્ટમ પર પર્ફોર્મ કર્યું હતું.

ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી જે ચાવડા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. વર્લ્ડ રેકોર્ડની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મુખ્ય આયોજક હેત ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ સંજય તન્નાને વર્લ્ડ રેકોર્ડ પ્રતિનિધિઓ અને મહેમાનો દ્વારા પ્રમાણપત્ર અને મેડલ આપીને અને દરેક ગાયકને મહેમાનો દ્વારા પ્રમાણપત્ર અને મેડલ આપીને સન્માનાયા હતા.



કૃષ્ણા કોન્ટેસ્ટ દ્વારા યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ- ૧ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ વિજેતાક્રમ પ્રાપ્ત કર્યા હતા અને શાળાના ગૌરવમાં વધારો કર્યો હતો.

## વિદ્યાર્થીઓ-શિક્ષકો દ્વારા શહીદોને સન્માન, ફાળો

ગાંધીનગર, તા. ૨૬

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા તાજેતરના આતંકી હુમલામાં શહીદ થયેલા વીરોના પરિવારજનો માટે ફાળો એકત્ર કરાયો છે. શાળા પરિવાર દ્વારા વીરોને શ્રદ્ધાંજલી અર્પવા કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં મૌન, રાષ્ટ્રગીત, વક્તવ્યનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શાળા દ્વારા એકત્ર ફંડ સૈનિક વેલફેર ફંડમાં જમા કરાવવામાં આવ્યું હતું.

# ઉમાકાન્ત રાજ્યગુરુનું શ્રેષ્ઠ શિક્ષક તરીકે અભિવાદન

માતૃભાષાના ક્ષેત્રે જેમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે એવા તળાજાનિવાસી નિવૃત્ત શિક્ષક ઉમાકાન્ત રાજ્યગુરુનું ૨૦૧૯ માટે ટ્રસ્ટ દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરીના દિવસે અભિવાદન કરવામાં આવ્યું અને તેમને 'સ્વ.પ્રભુદાસ ચુનીલાલ શાહ શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર' અને રૂપિયા ૧૧૦૦૦/- આપીને સન્માનવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર ૧૫ માં આવેલી IITEના ડૉ. પી.સી.વૈદ્ય ઑડિટોરિયમમાં યોજાયેલા આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકેનું સ્થાન વરિષ્ઠ સાહિત્યકાર માધવ રામાનુજે શોભાવ્યું હતું. ભારતના વિદેશમાં લઈ જવાયેલા એક હાથીનું રસપ્રદ ઉદાહરણ આપીને એમણે કહ્યું કે પ્રાણી પણ પોતાની પરિચિત ભાષા સાંભળવા માટે લાલાયિત હોય છે...તો આપણે શા માટે એક વિદેશી ભાષા પાછળ આંધળી દોટ મૂકી છે ?

કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે પધારેલા ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ ટ્રસ્ટના કાર્ય પ્રત્યે અત્યંત પ્રસન્ન થઈને દર અઠવાડિયે એક દિવસ ટ્રસ્ટના કાર્ય અને માતૃભાષાના લખાણ માટે ૨૦૦ સે.મી. જેટલી જગ્યા ફાળવવાની ઘોષણા કરી અને સાથે સાથે સમાચારપત્રોને ઉપયોગી એવા શબ્દોનો એક નાનો કોશ તૈયાર કરી આપવા માટે અનુરોધ કર્યો જેથી ઘણી બધી અશુદ્ધિઓનું નિવારણ કરી શકાય.

ન્યાસના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ કહ્યું કે માતૃભાષાના મજબૂત આધાર પર વિશ્વની કોઈ પણ ભાષા સરસ રીતે શીખી શકાય.અંગ્રેજી ભાષા પણ એટલી સરસ આવડવી જોઈએ કે કોઈને અંગ્રેજીમાં જ કંઈક સમજાવવું પડે તો સમજાવી શકાય.

ન્યાસના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહે આગામી છ મહિનામાં યોજાનારા ત્રણ કાર્યક્રમોની ઘોષણા કરી હતી.

૧૨૫ જેટલા ભાષાપ્રેમીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનું સુંદર સંચાલન સંજયભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમમાં ન્યાસના ન્યાસીઓ પ્રવીણભાઈ વઘાસિયા, નારાયણ મેઘાણી, કિશોરભાઈ જિકાદરા, ડૉ. જય ઓઝા અને ગોપાલભાઈ માકડિયા ઉપસ્થિત રહ્યા હતા.



## શરીર અને સ્વાસ્થ્ય

॥ ચૌદમો મણકો ॥

આકાશ

આકાશનો જ્ઞાનપૂર્વક ઉપયોગ આપણે ઓછામાં ઓછો કરીએ છીએ. તેનું જ્ઞાન પણ આપણને ઓછામાં ઓછું છે. આકાશ એટલે અવકાશ કહી શકાય. દિવસનાં વાદળાનું આવરણ ન હોય ત્યારે આપણે ઊંચે નજર કરીએ તો અત્યંત સ્વચ્છ, સુંદર, આસમાની રંગનો ઘૂમટ જોઈએ છીએ. તેને આપણે આકાશ નામે જાણીએ છીએ તેનું બીજું નામ જ આસમાન છે. એ ઘૂમટને છેડો જ નથી. એ જેટલું દૂર છે એટલું જ આપણી પાસે છે. આકાશથી આપણે ઘેરાયેલા ન હોઈએ તો ગૂંગળાઈને મરી જઈએ. જ્યાં કંઈ નથી ત્યાં આકાશ છે. એટલે આપણે જે દૂર દૂર આસમાની રંગ જોઈએ છે તે આકાશ છે એમ નથી. આકાશ તો આપણી પાસેથી જ શરૂ થાય છે... નહીં, તે આપણી અંદર પણ છે. પોલાણમાત્રને આપણે આકાશ નહીં કહી શકીએ. ખરું છે કે જે ખાલી દેખાય છે તે હવાથી ભરેલું છે. આપણે હવાને નથી જોઈ શકતા એ ખરું. પણ હવાને રહેવાનું ઠેકાણું ક્યાં છે ? એ આકાશમાં જ વિહાર કરે છે. એટલે આકાશ આપણને છોડી જ નથી શકતું. હવાને પંપ વતી ઘણે ભાગે ખેંચી શકાય. પણ આકાશને કોણ ખેંચી શકે ? આકાશને ભરી મૂકીએ છીએ ખરા, પણ તે અનંત હોવાથી તેમાં ગમે તેટલા દેહો હોય તે બધા સમાઈ જાય.

ગાંધીયાત્રા

એ આકાશની મદદ આપણે આરોગ્ય જાળવવા ને ખોયું હોય તે મેળવવા સારુ લેવાની છે. હવાની વધારેમાં વધારે જરૂર છે. તેથી તે સર્વવ્યાપક છે. પણ હવા બીજા પદાર્થોની સરખામણીમાં વ્યાપક છે, સ્વતંત્ર રીતે નહીં. ભૌતિકશાસ્ત્ર શીખવે છે કે પૃથ્વીથી અમુક માઈલ પછી હવા નથી મળતી. એમ કહેવાય છે કે પૃથ્વીના જીવો જેવા જીવ હવાના આવરણની બહાર હોઈ જ ન શકે. આ વાત બરોબર હો યા ન હો. આપણે તો અહીં એટલું જ જાણવાનું છે કે જેમ આકાશ અહીં છે તેમ મજકૂર આવરણની બહાર પણ છે. એટલે સર્વવ્યાપક તો આકાશ છે. પછી ભલે શાસ્ત્રીઓ સિદ્ધ કરે કે એ આવરણની ઉપર ઈથર નામનો પદાર્થ છે, અથવતા બીજો કોઈ. તે પણ જેમાં વસે છે તે આકાશ છે. એટલે એમ કહી શકાય કે જો ઈશ્વરનો ભેદ જાણી શકાય તો આકાશનો જણાય.

એવું મહાન તત્ત્વ છે તેનો અભ્યાસ ને ઉપયોગ જેટલે અંશે કરી શકીએ તેટલે અંશે આપણે વધારે આરોગ્ય ભોગવીએ.


પ્રથમ પાઠ તો એ છે કે એ સુદૂર અને અદૂર તત્ત્વની વચ્ચે ને આપણી વચ્ચે કંઈ જ આવરણ ન આવવા દઈએ. એટલે કે જો ઘરબાર વિના કે વસ્ત્રો વિના આપણે એ અનંતની જોડે સંબંધ બાંધી શકીએ તો આપણાં સરીર, બુદ્ધિ અને આત્મા પૂર્ણ રીતે આરોગ્ય ભોગવે. આ આદર્શને ભલે આપણે ન પહોંચીએ, ભલે કરોડોમાં એક જ પહોંચતો હોય, છતાં એ આદર્શને જાણવો, સમજવો ને તેને આદર આપવો આવશ્યક છે. અને જો તે આદર્શ હોય તો તે તેને જેટલે અંશે પહોંચાય તેટલે અંશે આપણે સુખ, શાંતિ ને સંતોષ ભોગવીશું. આ આદર્શને હું છેવટની હદ સુધી રજૂ કરી શકું તો મારે કહેવું જોઈએ કે ાપણએ શરીરનો અંતરાય પણ ન જોઈએ. એટલે શરીર રહે કે જાય તેને વિશે આપણે તટસ્થ રહીએ. એમ મનને કેળવી શકીએ તો શરીરને ભોગની વસ્તુ તો કદી ન બનાવીએ. આપણી શક્તિ ને આપણા જ્ઞાન પ્રમાણે તેનો સદુપયોગ સેવા સારુ, ઈશ્વરને ઓળખવા સારુ, તેના જગતને જાણવા સારુ, તેની સાથે ઐક્ય સાધવા સારુ કરીએ.

આ વિચારશ્રેણી પ્રમામે આપણે ઘરબાર, વસ્ત્રાદિના ઉપયોગમાં પુષ્કળ અવકાશ રાખીએ. કેટલાંક ઘરોમાં એટલું રાચરચીલું જોવામાં આવે છે કે મારા જેવો ગરીબ માણસ તેમાં ગૂંગળાઈ જાય. એ વસ્તુઓનો ઉપયોગ ન સમજે એને મન તો એ બધાં દૂળ અને જંતુઓને એકઠાં કરવાનાં ભાજન જણાય. અહીં જે સ્થાનમાં હું વસું છે ત્યાં હું તો ખોવાઈ જ જાઉં છું. તેની ખુરશીઓ, કબાટો, મેજો, આરસીઓ મને ખાવા ધાય છે. તેની કીમતી જાજમો કેળવ ધૂળ એકઠી કરે છે. તે ઝીણા જંતુઓનું ઘર બની છે. એક વખત એક જાજમ ખંખેરવા કાઢી. એક માણસનું એ કામ ન હતું, છ-સાત માણસો વળગ્યા. એમાંથી ઓછામાં ઓછી દસ રતલ ધૂળ તો નીકળી જ હશે. જ્યારે એ પાછી પોતાની જગ્યાએ આવી ત્યારે તેનો સ્પર્શ જ નવો લાગ્યો. હવે આ જાજમ હંમેશાં કઢાય નહીં, કાઢતાં તેની આવરદા ઘટે ને રોજની મહેનત વધે. આ તો મારે તાજો અનુભવ લખી ગયો. પણ મારા જીવનમાં તો આકાશની સાથે મેળ બાંધવા ખાતર મેં અનેક ઉપાધિઓને ઓછી કરી છે. (ક્રમશઃ)

ગાંધીજી લિખિત 'આરોગ્યની ચાવી'માંથી સાભાર

# બાળસાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકનો ઍવોર્ડ પ્રાપ્ત કરનાર 'બાળવીરોની સાહસકથાઓ'

આપણા દેશનું નામ ભારત એક નાનકડા બહાદુર બાળક ભરતના નામ ઉપરથી પડ્યું છે. જે બાળપણમાં સિંહના દાંત ગણતો હતો. પછી તે ભરત ચક્રવર્તી સમ્રાટ બન્યો. તેની વીરતા અને અપૂર્વ સાહસને કારણે આપણા દેશે આ નામ ધારણ કર્યું.




એક બાળક જે વડનગરના શર્મિષ્ઠા તળાવમાં તરવા ગયો હતો. અચાનક મગર આવી મોં ફાડી તેની સામે આવી જતાં પોતાના અદમ્ય સાહસ અને આત્મવિશ્વાસથી તમગરનો સામનો રી તળાવની બહાર ખેંચી કાઢ્યો હતો. તે બાળક બીજું કોઈ નહીં પણ આપણા અત્યારના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હતી. જે કિસ્સો બાળકોને હિંમત, સાહસ અને પ્રેરણા પૂરી પાડે તેવો છે. બાળપણમાં વીરતા, સાહસ, હિંમત, આત્મવિશ્વાસ અને કંઈક કરી છૂટવાની તમન્નાબીજનું રોપણ થાય તો એવા ગુણવાળા વૃક્ષરૂપી નાગરિક જે બને તે સર્વ હિતકારી હશે. આવાં જ બાળકોની કથાઓ જેમાં સમાવવામાં આવી છે તે પુસ્તકની વાત કરવી છે.

બાળવીરોની સાહસકથાઓ રાષ્ટ્રીય વીરતા પુરસ્કારથી સન્માનિત બાળકોની સાચી પ્રસંગકથાઓ છે. પુસ્તકમાં આપણને દેશના વિવિધ રાજ્યોની ૪૪ જેટલી કથાઓ મળે છે. આલેખન કરનાર લેખક નટવર હેડાઉને કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન, ગોધરા દ્વારા બાળસાહિત્યના શ્રેષ્ઠપુસ્તક તરીકેનો 'શ્રી રમણલાલ નાનાલાલા શાહ' ઍવોર્ડ મળે છે. કારણ કે લેખક પાસે નિરૂપણની અનોખી કલા છે. આ શ્રેણીમાં તેમનાં પાંચ પુસ્તકો અત્યાર સુધીમાં પ્રગટ થઈ ચૂક્યાં છે.

આ પુસ્તકમાં પોતાના જીવનની પરવા ન કરતાં બીજાનો જીવ બચાવવાની હિંમત કરનાર સાહસિક બાળકોના જીવનની ઘટનાઓનું અદ્ભૂત વર્ણન છે. દેશના ખૂણે-ખૂણેથી આવનાર બહાદુરીની આ ઘટનાઓનો સ્વર હિંમત અને સાહસથી ભરપૂર છે. એક એકથી ચડિયાતી સાહસનો પરિચય આપતી આ પ્રસંગકથાઓ આપણને એ વાત સમજાવે છે કે વિપરીત પરિસ્થિતિમાં પણ જુસ્સો જાળવી કઈ રીતે નિર્ણય લઈ શકાય. જે ફક્ત બાળકો માટે જ નહીં, પણ મોટેરાઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત સમાન છે.

આ પ્રસંગકથાઓ વાંચતાં તમને વારંવાર લાગશે કે આ બધી પ્રસંગકથાના નાયકો તો આપણી આસપાસ અને બિલકુલ પાડોશમાં વસે છે. અથવા તો એ ક્યાંય આપણામાં પણ છે. બસ એક ખરા સમયે નિર્ણય લેવાની તેમની શક્તિને કારણે જ એ બાળવીર બની ગયા છે. અલગ-અલગ નામ, પ્રદેશ, ઉંમર અને પરિસ્થિતિઓ આ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર બાળકોને ભલે જુદા હોય તેમ બતાવે પણ એ બધામાં એક વાત સમાનરૂપે જોવા મળશે અને એ તેમનું અપ્રતિમ સાહસ, સમજદારી અને પોતાના જીવનની પરવા કર્યા વિના બીજાના પ્રાણ બચાવવાની ત્વરિત નિર્ણયક્ષમતા. જે જોઈ કે સાંભળીને મોટેરાઓ પણ દંગ રહી જાય છે. એવું નથી કે આ પ્રકારનાં અનેક બાળચરિત્રો મળે છે. અહીં આપણને એવાં અનેક બ ાળકોની પ્રસંગકથાઓ મળે છે, જે સાબિત કરી આપે છે કે વીરતા, સાહસ અને સૂઝબૂઝ એ કોઈ એક વ્યક્તિ, જાતિ કે ધર્મનો ઈજારો નથી. શૌર્ય અને સાહસની આવી વીરગાથાઓ ભારતભોમમાં અને કદાચ સમગ્ર વિશ્વના ખૂણે ખૂણે પણ ક્યાંક પડી હશે. કોઈએ કોઈને પૂરમાં તણાતાં બચાવ્યું હોય, કોઈએ આગ કે રસ્તાના અકસ્માત કે પછી નરભક્ષીઓના હુમલાથી બચાવ્યા હોય, કોઈએ ચોર કે લૂંટારુઓનો દૃઢતાપૂર્વક સામનો કર્યો હોય. એવાં અનેક અનુકરણીય કામો કરનારાં બાળકોને ક્યારેય પોતાના જીવ પણ ગુમાવવા પડ્યા હોય. તેવા બાળવીરોની યશોગાથાઓ લેખકે અહીં આલેખી છે. તે સાથે આ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર શું છે ? તે ક્યારે અને કેમ શરૂ થયા તેની વાત પણ ખૂબ જ રસપ્રદ છે, જે આ પુસ્તકમાંથી જાણી શકાય છે.

'બાળવીરોની સાહસ કથાઓ'ના લેખક નટવર હેડાઉનાં વિવિધ વિષયોનાં ૪૦ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. તેમનાં લેખનકાર્ય માટે અનેક ઍવોર્ડ, પારિતોષિકો માત્ર રાજ્ય કક્ષાએથી જ નહીં, પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએથી પણ તેઓને પ્રાપ્ત થયાં છે. પુસ્તકો ઉપરાંત તેમનાં ગીતોના સંગીતબદ્ધ ઑડિયો આલ્બમ બહાર પડ્યા છે. ટેલીવિઝન ડૉક્યુમેન્ટરી, જીટીપીએલ, દૂરદર્શન જેવી ચૅનલ્સ અને યુટ્યુબ પર 'ગુર્જરવાણી'માં તેમનાં કાવ્યપઠન અને અન્ય કાર્યક્રમો પ્રસારિત થતા રહે છે. ગુજરાત સાહિત્ય સંગમ સંસ્થાના મહાસચિવ અને ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવરભાઈ વનગુર્જરી નેચર ક્લબના સ્થાપક અને પર્યાવરણ વિદ તરીકે નામના ધરાવે છે. ગાંધીનગર સમાચાર, રખેવાળ, ગુજરાત ગાર્ડિયન જેવાં અખબારોમાં નિયમિત તેઓ કૉલમના માધ્યમથી સમગ્ર ગુજરાતના વાચકોનું ધ્યાન તેમણે આકર્ષ્યું છે એ ગાંધીનગરનું ગૌરવ છે.

બાળવીરોની સાહસકથાઓ, લેખક : નટવર હેડાઉ
પ્રકાશક : અવનિકા પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬, કિંમત : રૂા. ૨૧૫/-